| | |
|---|---|
| દાખલ તારીખ | : ૦૬/૦૪/૨૦૨૨ |
| રજી.તારીખ | : ૦૬/૦૪/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : ૨૧/૦૪/૨૦૨૬ |
| અવધી | : વર્ષ માસ દિવસ<br>૦૩ ૧૦ ૧૫ |

**આંક :**

## ફોર્મ–એ

**જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, માણાવદર**

સમક્ષ : અતીત મહેશકુમાર મહેતા
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

**ફોજદારી કેસ નંબર : ૩૧૬/૨૦૨૨**
જજમેન્ટ તારીખ : ૨૧/૦૪/૨૦૨૬

| | |
|---|---|
| ફરીયાદી | ઉત્તમ ટ્રેડર્સના પ્રોપ્રાઈટર દરજ્જે<br>રાજેશકુમાર મનસુખભાઈ વસવેલીયા,<br>ઉ.વ.આ. : ૫૦, ધંધો : વેપાર,<br>રહે. એન.જી.મિલ પાછળ, મીતડી રોડ, માણાવદર. |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | જી. એલ. ઝાલાવડીયા |
| આરોપી પક્ષ | હાર્દિકભાઈ દિનેશભાઈ કોટક,<br>ઉ.વ.આ. : પુખ્ત, ધંધો : નોકરી,<br>રહે.૨૦, વસુંધરા બંગલો, આશુતોષ નગર,<br>રાજમહેલ એપાર્ટમેન્ટ પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ. |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | ડી. આર. અભાણી |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | – |
| એફ.આઈ.આર.ની તારીખ | – |
| ચાર્જશીટની તારીખ | – |
| પ્લી/તહોમતનામાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ, જો હોય તો | -- |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હાર્દિકભાઈ દિનેશભાઈ કોટક | - | - | નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ-૧૩૮ મુજબ. | નિર્દોષ | - | - |

## ફોર્મ-સી
## :: સાહેદોનુ લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદી રાજેશકુમાર મનસુખભાઈ વસવેલીયાનું સરતપાસ નું સોગંદનામુ. |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | ફરીયાદ વાળો ચેક નં.૦૧૩૫૩૧ |
| ૨ | ૧૬,૧૭ | ચેક પરત ફર્યાના પત્ર |
| ૩ | ૧૮ | આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસ |
| ૪ | ૧૯ | રજી.એ.ડી.ની વિન્ડો સ્લિપ |

| | | |
|---|---|---|
| ૫ | ૨૦ | રજી.એડી.ની એકનોલેજમેન્ટ |
| ૬ | ૨૧ | ડીમાન્ડ નોટીસનો આરોપી તરફે જવાબ |
| ૭ | ૨૨ | ફરીયાદીના આધારકાર્ડની ખરીનકલ |

બ. બચાવ પક્ષ : નથી.
ક. ન્યાયાલય : નથી.
ડ. ભૌતિક વસ્તુઓ : નથી.

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ઉત્તમ ટ્રેડર્સના નામે માણાવદર મુકામે બારદાન તથા ઘઉંનો વેપાર કરે છે. ફરીયાદી અને આરોપી વચ્ચે સારા સબંધો છે, જેથી આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૫,૦૦,૦૦૦/-ની સબંધના નાતે એક માસ માટે માંગણી કરતાં, ફરીયાદીએ આરોપીને સબંધના નાતે મહેન્દ્રભાઈ અઘેરા, રહે.જુનાગઢ વાળાને વચ્ચે રાખીને તા.૧૦-૧૦-૨૦૨૧ ના રોજ રૂા.૫,૦૦,૦૦૦/- હાથઉછીના આપેલા. ત્યારબાદ ફરીયાદીને તેમના બાકી રહેતા નાણાંની જરૂરીયાત પડતાં, તેઓની લેણી રકમ ચુકવી આપવા આરોપીને જણાવતાં, થોડા સમય બાદ આરોપીએ આઈ.ડી.બી.આઈ. બેંક, જુનાગઢ શાખાનો પોતાના ખાતાનો ચેક નં.૦૧૩૫૩૧, તા.૧૫-૧૧-૨૦૨૧નો રૂા.૫,૦૦,૦૦૦/-નો પોતાની સહી કરી ફરીયાદીને આપેલો. ફરીયાદીએ સદર ચેક પોતાના બેંક ખાતામાં પ્રથમ વખત તા.૧૮-૧૧-૨૦૨૧ના રોજ વસુલાત માટે નાખેલ, જે તા.૧૮-૧૧-૨૦૨૧ના રોજ 'Account Closed'ના શેરા સાથે રીટર્ન મેમો સહીત પરત ફરેલ. ત્યારબાદ બીજી વખત વસુલાત માટે નાખેલ, જે તા.૧૪-૦૨-૨૦૨૨ ના રોજ 'Account Closed'ના શેરા સાથે રીટર્ન મેમો સહીત પરત ફરેલ. આરોપીએ આપેલ સદર ચેક બેંકમાંથી પરત ફરતાં, ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત તા.૧૯-૦૨-૨૦૨૨ના રોજ રજી.એ.ડી.થી આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલાવેલ, જે આરોપીને તા.૨૩-૦૨-૨૦૨૨ના રોજ બજી ગયેલ. તેમ છતાં આરોપીએ તેઓની લેણી રકમ પરત ચુકવેલ નથી. જેથી

ફરીયાદીને હાલની ફરીયાદ લાવવા ફરજ પડેલ છે, અને હાલની ફરીયાદ થકી આરોપીને એન.આઈ.એકટની કલમ–૧૩૮ અન્વયે સખત સજા તથા બમણી રકમનો દંડ કરવા અને ફરીયાદીને ચેકની રકમ અપાવવા દાદ માંગેલ છે.

(ર) ફરીયાદીની ફરીયાદ ફોજદારી રજીસ્ટરે લઈ આરોપીઓ સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ સમન્સ ઈસ્યુ કરવાનો મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ હુકમ કરેલ.

(૩) આ કામના આરોપી અદાલતમાં હાજર થતા તેઓની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આંક–પ થી પ્લી નોંધવામાં આવતા ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફે ફોર્મ–સી મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે અને આંક–૩૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(પ) આ કામે ફરીયાદપક્ષના પડેલ પુરાવા અન્વયે આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા તેઓએ પોતાની વિરૂધ્ધના પુરાવાનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવના સાહેદો તપાસવાનો અને સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે, અને વિશેષમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીને ધીરૂભાઈ મેંદપરાએ ચેક આપી, ફરીયાદી પાસે દુરઉપયોગ કરાવેલ છે, તેઓએ ફરીયાદી પાસેથી કયારેય કોઈ રકમ હાથઉછીની લીધેલ નથી, તેઓ ફરીયાદીને ઓળખતા પણ નથી અને આ કેસ પહેલા કયારેય મળેલા પણ નથી, ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે, તેઓ નિર્દોષ છે.

(૬) આ કામે ફરીયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી જી.એલ.ઝાલાવડીયા ધ્વારા આંક–૪૭ તેમજ આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી ડી.આર.અભાણી ધ્વારા આંક–૪ર થી લેખિત દલીલો કરવામાં આવેલ છે, જે વંચાણે લીધી. તે ઉપરાંત, પક્ષકારો તરફે તેઓની દલીલોના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ઉચ્ચ

અદાલતોના ચુકાદાની નકલો રજુ રાખવામાં આવેલ છે, જે માનસહ વંચાણે લીધા.

(૭) ઉપરોકત હકીકતોએ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

| | –: મુદ્દા :– |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે ફરીયાદીને રૂા.૫,૦૦,૦૦૦/– વસુલ આપવાના હેતુથી ફરીયાદીનેતા.૧૫–૧૧–૨૦૨૧ના રોજનો ચેક નં.૦૧૩૫૩૧ નો આઈ.ડી.બી.આઈ. બેંક–જુનાગઢ શાખાનો ફરીયાદીની પેઢી જોગનો લખી આપતા સદરહુ ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં બે વખત રજુ કરતા સદર ચેક 'Account Closed'ના કારણ સબબ વગર સ્વીકાર્યે પરત આવતા, ફરીયાદીએ આરોપીને નિયત સમય મર્યાદામાં નોટીસ આપવા છતાં નિયત સમયમાં ફરીયાદીની લેણી રકમ ભરપાઈ ન કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**–: <u>કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧</u> :–**

(૯) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબત નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ.

| | |
|---|---|
| (૧) | ડીસ ઓનર થયેલ ચેક લખ્યા તારીખથી છ માસની અંદર આરોપીની બેન્કમાં રજુ થયેલ હોવા જોઈએ. |
| (૨) | ફરીયાદીની બેન્ક (કલીયરીંગ બેન્ક) તરફથી ચેકની બીન ચુકવણી થયાના ૩૦ દિવસમાં ''હોલ્ડર ઈન ડયુ (HOLDER IN DUE COURSE) યથાનુક્રમે ધારણ કરનાર ડ્રોઈ અગર તો પેયી એ ચેકના ડ્રોઅર (આરોપી) ને ચેક મુજબની રકમની ચુકવણી કરવા માટે ડીમાન્ડ નોટીસ આપવી જોઈએ અને ડીમાન્ડ નોટીસમાં<br>મળ્યેથી ચુકવણી માટે દિન–૧૫ નો સમય આપવો જોઈએ. |
| (૩) | ચેક લખનારે (આરોપીએ) નોટીસ મળ્યા તારીખ બાદના ૧૫ દિવસમાં ચેક મુજબની રકમની ચુકવણી કરવામાં ડ્રોઅર (ચેક લખનાર) નિષ્ફળ ગયેલ હોવા જોઈએ. |
| (૪) | ડીમાન્ડ નોટીસની ચુકવણી કરવાના ૧૫ દિવસનો સમય પૂર્ણ થયાના પછીના એક માસમાં યોગ્ય હકુમત ધરાવતી અદાલતમાં ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ હોવી જોઈએ. |
| (૫) | જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી ડ્રોયી એ ચેક તેના કાયદેસરના લેણા પેટે મેળવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. |

(૧૦) **<u>કલમ–૧૧૮: નેગોશીએબલ ઈન્સ્ટ્રેમેન્ટ વિશે માની લેવાની બાબત</u> :**

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં

આવશે.

(એ) અવેજ વિશે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતું અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવમાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(બી) તારીખ વિશે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(સી) સ્વીકારના સમય વિશે : સ્વીકારાયેલું દરેક વિનિમય પત્ર તેની તારીખ પછી અને તે પાકયા તારીખ પહેલા વ્યાજબી સમય માં સ્વીકારવામાં આવ્યું હતું.

(ડી) તબદીલીના સમય વિશે : કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(એફ) સ્ટેમ્પ વિશે : ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિયમ પત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જી) ધારક યથાક્રમે ધારક છે એમ માની લેવા વિશે : કોઈ વટાઉ ખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક યથાક્રમે ધારક

છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>કલમ–૧૧૯ : અનાદરનું પ્રમાણપત્ર સાબીત થયે માની લેવાની બાબત</u> :**

જેનો અનાદર થયો હોય તેવા ખત ઉપરથી થયેલા દાવામાં અનાદરનું પ્રમાણપત્ર સાબીત થયે અનાદર થયાની હકીકત ના સાબીત ન થાય ત્યા સુધી અનાદર થયો છે એમ કોર્ટે માની લેવું જોઈએ.

**<u>કલમ: ૧૩૮ – ખાતામાં અપુરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર</u> :**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતા વધું છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓનો બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને કરવામાં આવશે.

**<u>કલમ–૧૩૯ : ધારકની તરફેણમાં અનુમાન :</u>**

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: ફેડવા માટે મેળવ્યો હતો.

(૧૧) કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ બન્ને અનુમાનોની ધારણા કરવાની હોય છે. પરંતુ ઉપરોકત ધારણાઓનું ખંડન આરોપી કરી શકે છે અને તે ધારણાઓનું ખંડન કરવા માટે શંકાથી પર પોતાનો કેસ પુરવાર કરવાની જરૂર નથી. આમ,આરોપી પોતાનો બચાવ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબેલીટી વડે પુરવાર કરી શકે. આરોપી તરફે તે અનુમાનોનું

ખંડન થયેથી ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આમ, કાયદા ધ્વારા પ્રસ્થાપિત કરેલ હકીકતો ધ્યાને લઈ આ કામે ફરીયાદ પક્ષ રજુ કરેલ પુરાવો તથા તે સંદર્ભે આરોપી દવારા લેવામાં આવેલ બચાવો ધ્યાને લઈ પુરાવાની ચર્ચા કરવી જોઈએ.

(૧૨) ફરીયાદીએ તેમની આંક–૧ની ફરીયાદમાં પ્રતિપાદીત કરેલી હકીકતોને પુરવાર કરવા માટે આંક–૧૩ થી વટાઉ ખત અધિનિયમની કલમ–૧૪૫ અન્વયે ફરીયાદ હકીકતોને સમર્થનકારી સોગંદ ઉપર પુરાવો આપેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ધોરણ–પ સુધી અભ્યાસ કરેલ છે અને વાંચતા લખતા આવડતુ નથી તેમજ ગુજરાતી થોડુઘણુ આવડે છે, અંગ્રેજી કાઈ આવડતુ નથી. હાથ પરના કેસમાં અત્રેની અદાલત નોંધે છે કે, આ કામના ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ક્રીમીનલ કેસ નં.૩૧૫/૨૦૨૨ થી ફરીયાદ દાખલ કરેલ છે, જે ફરીયાદમાં તેઓએ આરોપીને ૧૮,૨૦૦ કીલો ઘઉં વેચાણ કરેલ અને તેની ચુકવણી પેટે મળેલ ચેક અપુરતા ભંડોળના કારણે પરત થતાં નેગોશીએબલ ઈન્સ્ટુમેનટ એકટ હેઠળની ફરીયાદ કરેલ, અત્રેની અદાલત સ્પષ્ટ માને છે કે જયારે ફરીયાદીએ આરોપીને આવી માતબર રકમના ઘઉં વેચાણ આપ્યા હોય અને જેની ચુકવણી હજુ બાકી હોય તેજ વ્યકિતને રૂા.૫,૦૦,૦૦૦/– હાથ ઉછીના તેજ સમયગાળા દરમ્યાન આપે તે બુધ્ધીગમ્ય નથી. વધુમાં ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્પષ્ટ જણાવે છે કે, હું આરોપીને છેલ્લા ચાર વર્ષથી ઘઉંના વેપારના કારણે ઓળખુ છુ, પરંતુ તેઓની ફરીયાદમાં કે સોગંદનામામાં તેઓ આરોપીને કયા દરજ્જે, કેટલા વર્ષોથી ઓળખે છે, તેની કોઈ પાયાની હકીકત જણાવેલ નથી. અત્રેની અદાલત બીજી એક સૌથી મહત્વની વાત નોંધે છે કે, ફરીયાદીએ જ ફરીયાદ, સોગંદનામામાં આરોપીનો ધંધો–નોકરી દર્શાવેલ છે, અને આરોપીને રૂા.૫,૦૦,૦૦૦/– ના ઘઉં પણ ઉધાર આપવાની વાત કરેલ છે અને આ ફરીયાદમાં રૂા.૫,૦૦,૦૦૦/– હાથ ઉછીના રોકડા આપવાની હકીકત જણાવે છે, પરંતુ તેઓની ફરીયાદ અને સોગંદનામાના પેરા–૨ માં તેઓ જણાવે છે કે, આરોપીએ અમારી

પાસેથી રૂા.૫૦,૦૦૦/– ની માંગણી કરેલ છે, પરંતુ ચેક ઉપર ચેક રૂા.૫,૦૦,૦૦૦/– નો આરોપીએ ફરીયાદીને આપેલ છે, જેથી તેઓની ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો આરોપીએ કેટલી રકમની માંગણી કરી હતી તે સ્પષ્ટ થઈ શકતુ નથી, ફરીયાદ અને સોગંદનામામાં આરોપીએ રૂા.૫૦,૦૦૦/– ની માંગણી કરી અને ફરીયાદીએ તેને રૂા.૫,૦૦,૦૦૦/– હાથ ઉછીના રોકડા આપ્યા તે વાત સામાન્ય વ્યકિતના ગળે ઉતરે તેમ નથી. માટે ફરીયાદીએ પોતાના કેસમાં સૌપ્રથમ ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર કરેલ નથી તેવું રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં ફલીત થાય છે.

(૧૩) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ વાળા ચેકની લીગાલીટી અને તે ચેક તેઓને કાયદેસરના લેણાં પેટે મળેલ હોવાની હકીકત ફાઉન્ડેશનલ ફેકટ તરીકે પુરવાર કરેલ નથી, તેમ છતાં આંક–૧૩ થી ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ, ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્પષ્ટ જણાવે છે કે, ''**<u>એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ વાળા વ્યવહારો મારા નાનાભાાઈએ કરેલા હોય તે હકીકત મે મારી કાયદેસરની નોટીસ, ફરીયાદ કે સરતપાસમાં જણાવેલ નથી.</u>**'' વધુમાં ફરીયાદી સ્પષ્ટ જણાવે છે કે, આ બધાં વ્યવહારો મારાભાઈ કરતા હતા જે મરણ ગયેલ છે, તેમજ તા.૧ ૦/૧૦/૨૦૨૧ ના રોજ આરોપીને રૂા.૫,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપેલ હોય અને તે તારીખે તે રકમ મારી પાસે દેવા માટે હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદી જણાવે છે કે, એ વાત ખરી છે કે, આરોપીએ મારી કાયદેસરની નોટીસ સામે નોટીસનો જવાબ અને વળતી નોટીસ આપી હતી જે આંક–૨૧ થી રજુ છે, તેના વિષે મારી ફરીયાદ કે સોગંદનામામાં કોઈ ઉલ્લેખ કરેલ નથી, આમ, અત્રેની અદાલત સ્પષ્ટ માને છે કે, આરોપીએ આંક–૨૧ વાળી પ્રતિ નોટીસ અને જવાબ ફરીયાદીને આપેલ હોય અને જેમાં સ્પષ્ટ બચાવ લીધેલ હોય તેજ બચાવ ફરીયાદીની ઉલટતપાસમાં લેવામાં આવેલ હોય પરંતુ તે સ્પષ્ટ બચાવ બાબતે ફરીયાદીએ તેની ફરીયાદ કે સોગંદનામામાં કોઈ ઉલ્લેખ કરેલ ન હોય કે તે બચાવનું ખંડન કરવા માટે કોઈ પુરાવા કે પ્લીડીંગ કરેલ ન હોય ફરીયાદની હકીકત ઉપર ભારોભાર શંકા પ્રસ્થાપીત થાય

છે. વધુમાં ફરીયાદીએ આરોપીને નોકરીયાત માણસ બતાવેલ છે, અને તેની સાથે એક જ દિવસે રૂા.૫,૦૦,૦૦૦/– ના ઘઉં પણ આપેલ છે અને રોકડા પણ આપેલ છે, તેવી હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેથી ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર ન થતી હોય ફરીયાદીની ફરીયાદ ફરીયાદીના કેસને પુરવાર કરતી નથી.

(૧૪) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ રજુ કરેલ પુરાવાના આધારે જયારે આરોપી તરફે પ્રોબેબલ ડીફેન્સ ઉલટ તપાસમા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાની ફરીયાદ નીશંકપણે સાબીત કરવી પડે, હાથ ઉપરના કેસમાં ફરીયાદી પાસે રૂા.૫,૦૦,૦૦૦/– તા.૧૦/૧૦/૨૦૨૧ ના રોજ હતા તે બતાવવા કોઈ હીસાબી ચોપડા, બેંક સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી, તેમજ આ બધાં વયવહાર તેઓના ભાઈ કરતા હતા અને તેની બધી અંગત માહીતી તેઓના ભાઈને હતી જે મરણ ગયેલ છે, આવા સંજોગોમાં રૂા.૫,૦૦,૦૦૦/– આરોપીને રોકડા આપ્યાની હકીકત પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં કાયદા દ્વારા કલમ–૧૧૮ અને ૧૩૯ નું પ્રીઝમ્શનનું બળ પ્રાપ્ત થશે નહીં. આથી અત્રેની અદાલતનું સ્પષ્ટ માનવુ છે કે, બચાવ પક્ષે આરોપીએ એક સક્ષમ બચાવ ઉભો કરેલ છે અને તે બચાવ ફરીયાદીના કેસને તેની મુળભુત હકીકતો અને ફરીયાદના પાયામાં પ્રહાર કરે છે. તેવા સંજોગોમાં ફરીયાદી પોતાના કેસને સાબીત કરી શકેલ નથી તેવું ફરીયાદીના પુરાવા ઉપરથી જ ફલીત છે. આમ, અત્રેની અદાલત દ્વારા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમજ રેકર્ડ પરના પુરાવાને સમગ્રપણે ધયાને તથા વંચાણે લેતા, ફરીયાદપક્ષે ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની ક.૧૩૮ મુજબના તમામ તત્વો પુરવાર કરેલ ન હોય, અત્રેની અદાલત દ્વારા મુદા નં.૧ નો

જવાબ નકારમાં આપવામાં આવે છે. તેમજ મુદા નં.૨ હેઠળ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

૧. આ કામના આરોપી હાર્દિકભાઈ દિનેશભાઈ કોટક, ઉ.વ.આ. : પુખ્ત, ધંધો : નોકરી, રહે.૨૦, વસુંધરા બંગલો, આશુતોષ નગર, રાજમહેલ એપાર્ટમેન્ટ પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ વાળાને ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૫(૧) અન્વયે ધી નેગો. ઈનસ્ટ્રુમેનટ એકટની કલમ ૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુનામાથી નિર્દોશ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૨૧મી, માહે : એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર
તા.૨૧/૦૪/૨૦૨૬

(અતીત મહેશકુમાર મહેતા)
જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માણાવદર
Code No. GJ01521